## ગુજરાત એટીએસ દ્વારા પકડાયેલા બે યુપીની એક મદરેસામાં સાથે ભણતા હતા

મુઝફ્ફરનગર (યુપી), તા. 13 (પીટીઆઈ): દેશમાં કથિત આતંકવાદી પ્રવૃત્તિઓની વ્યાપક તપાસના સંદર્ભમાં ગુજરાત એટીએસ દ્વારા તાજેતરમાં ધરપકડ કરાયેલા ઉત્તર પ્રદેશના બે યુવકોએ અગાઉ અહીં એક મદરેસામાં સાથે અભ્યાસ કર્યો હતો. એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

મદરેસાના મેનેજમેન્ટ અને પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા યુવકો - શામલી જિલ્લાના ઝીંઝાના શહેરના 20 વર્ષીય દરજી આઝાદ સુલેમાન શેખ અને લખીમપુર ખેરીના 23 વર્ષીય મોહમ્મદ સુહેલ ખાન- બુઢાના શહેરના એક મદરેસામાં સાથે અભ્યાસ કરતા હતા.

પીટીઆઈ સાથે વાત કરતાં બુઢાના મદરેસાના 'મોહતમિમ' (મુખ્ય) મૌલાના દાઉદે પુષ્ટિ આપી કે, બંને યુવકોએ 'હાફિઝ-એ-કુરાન' (કુરાન કંઠસ્થ)નો અભ્યાસ કર્યો હતો, પરંતુ ધરપકડના ઘણા સમય પહેલા જ મદરેસા છોડી દીધી હતી.



» યુકેના ડરહામમાં આર્ટ કંપની જીગન્ટિક્સ દ્વારા, ડરહામ કેથેડ્રલની બહાર, ૧૩ થી ૧૫ નવેમ્બર સુધી ચાલનારા લુમિયર ફેસ્ટિવલના નવમા અને અંતિમ સંસ્કરણમાં કરવામાં આવેલ રોશનીનું એક દ્રશ્ય.




## પાપારાઝીઓ પર ભડક્યો સની દેઓલ, કહ્યું, ''તમને શરમ નથી આવતી?''



મુંબઈ, તા. 13: બોલિવૂડના હી-મેન ધર્મેન્દ્ર છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર તેમના સ્વાસ્થ્યને લઈને ચર્ચામાં છે. ગયા સોમવારે ધર્મેન્દ્રની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારથી ધર્મેન્દ્રના સ્વાસ્થ્યને લઈને વિવિધ દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરિવારે મીડિયા અને જનતા પાસે ગોપનીયતા જાળવવા વિનંતી કરી હતી. જોકે, આ પછી પણ સોશિયલ મીડિયા પર ધર્મેન્દ્ર વિશે સમાચાર વહેતા રહ્યા. ત્યારે હવે મીડિયા પર સની દેઓલ ભડક્યો છે. સોશિયલ મીડિયા પર સની દેઓલનો એક વીડિયો સામે આવ્યો છે. સની દેઓલ કહે છે, ''તમને શરમ આવવી જોઈએ... તમારા ઘરે માતા-પિતા અને બાળકો છે... તમે ચુ... (અપશબ્દ) જેવા વીડિયો બનાવી રહ્યા છો. તમને શરમ નથી આવતી?''

## ધર્મેન્દ્રનું ગુપ્ત રીતે ફિલ્માંકન કરનાર હોસ્પિટલના કર્મીની ધરપકડ




મુંબઈ, તા. 13 દિગ્ગજ સુપરસ્ટાર ધર્મેન્દ્ર અને તેમના પરિવાર માટે આ ખૂબ જ મુશ્કેલ સમય છે. 89 વર્ષીય અભિનેતાની તબિયત લથડતાં તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, ટૂંક સમયમાં તેમના નિધનના ખોટા સમાચારો ફેલાવવા લાગ્યા. 11 નવેમ્બરની સવારે તેમની પત્ની હેમા માલિની અને પુત્રી એશા દેઓલે એક સત્તાવાર નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે, અભિનેતા સ્વસ્થ થઈ રહ્યા છે અને આ અહેવાલો ખોટા છે. 12 નવેમ્બરે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દરમિયાન એક વીડિયો વાયરલ થયો જેમાં ધર્મેન્દ્ર વેન્ટિલેટર પર હતા. આ વીડિયો બ્રીચ કેન્ડી હોસ્પિટલના કર્મચારી દ્વારા બનાવવામાં આવ્યો હતો. જેની ધરપકડ કરવામાં આવી છે.

## જયા બચ્ચન ફરી ગુસ્સે થઈ ગયાં



મુંબઈ, તા. 13: સદીના મહાનાયકનાં પત્ની જયા બચ્ચન સ્પષ્ટવક્તા માટે જાણીતા છે. સોશિયલ મીડિયા પર તેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ગુસ્સે થતા જોવા મળે છે. જોકે, તેની પુત્રી પરિસ્થિતિ સંભાળી લે છે. એક પાપારાઝી પેજ પરથી જયા બચ્ચનનો એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જયા બચ્ચન માસ્ક પહેરીને ક્યાંક ચાલીને જઈ રહ્યાં છે. ત્યારે એક પાપારાઝી તેની પાસે જાય છે અને કહે છે, ''હું તમારી સાથે વાત કરવા માંગુ છું.'' આના પર જયા બચ્ચન કહે છે, ''બસ બહુ થયું.'' પછી જયા બચ્ચન આગળ વધે છે. પાછળથી કોઈ કહે છે, ''બસ થઈ ગયું?'' આનાથી જયા બચ્ચન ગુસ્સે થઈ જાય છે, જે ઊભા રહી જાય છે અને હાજર લોકો તરફ આસપાસ જુએ છે. આ દરમિયાન, જયા બચ્ચનની પુત્રી શ્વેતા બચ્ચન તેને પકડીને લઈ જાય છે.

## રશિયાનો પ્રથમ એઆઇ યુક્ત રોબોટ લોન્ચિંગ વખતે જ ગબડી પડ્યો!




રશિયાએ જેની ખૂબ રાહ જોવાતી હતી તે કાર્યક્રમમાં એક માનવીય AI રોબોટનું અનાવરણ કર્યું, જે બોટ સ્ટેજ પર લથડિયું ખાઇ ગયો હતો અને મોં-ભેર જમીન પર પછડાયો હતો. મંગળવારે મોસ્કોમાં જે રશિયાનો પ્રથમ કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા સંચાલિત રોબોટ માનવામાં આવે છે તેને રજૂ કરવામાં આવ્યો હતો. એઆઈડોલ તરીકે ઓળખાતો આ રોબોટ, લગભગ 50 પત્રકારોની સામે રોકી થીમ ગીત પર વિજયી રીતે સ્ટેજ પર આવ્યો હતો, પછી આ મશીને ડાબી તરફ ફરીને પ્રેક્ષકો તરફ હાથ હલાવ્યો હતો. જો કે હાથ હલાવવા જતા AIDOL તેનું સંતુલન ગુમાવી બેઠો અને લથડિયું ખાઈને છેવટે મંચ પર પડી ગયો હતો. પડવાને કારણે આ યંત્રમાનવના ટુકડા પડી થઇ ગયા હતા અને મંચ પર વેરવિખેર પડ્યા હતા. આયોજકો આ ટુકડાઓ ભેગા કરીને લઈ ગયા હતા. ન્યૂયોર્ક ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે આયોજકોએ જણાવ્યું હતું કે આ પતન લાઈટિંગ અને કેલિબ્રેશનની ગૂંચવણોને કારણે થયું હતું. નિર્માતા કંપનીના વડાએ બચાવ કરતા કહ્યું હતું કે આ રોબોટ હજી શીખવાના તબક્કામાં છે.

## અમેરિકાના ઈતિહાસના સૌથી લાંબા શટડાઉનનો અંત

**સરકારી** ખર્ચાઓ માટેના ભંડોળો મંજૂર કરતો ખરડો પ્રતિનિધિગૃહમાં સાંકડી સરસાઇથી પસાર થયો

**આઠ** ડેમોક્રેટોએ પાર્ટી લાઇન તોડીને ખરડાને ટેકો આપ્યો, ૨૨૨:૨૦૯થી ખરડો પસાર, ૪૩ દિવસની અંધાધૂંધીનો અંત

વૉશિંગ્ટન, તા. ૧૩(એપી): રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે સરકારી ભંડોળ બિલ પર હસ્તાક્ષર કર્યા, જેના કારણે ૪૩ દિવસના રેકોર્ડ શટડાઉનનો અંત આવ્યો, જે શટડાઉનના કારણે ફેડરલ કર્મચારીઓને પગાર વગર નાણાકીય તણાવનો સામનો કરવો પડ્યો, એરપોર્ટ પર ઘણા મુસાફરો ફસાયા અને કેટલીક ફૂડ બેંકોમાં લાંબી લાઈનો ઉભી થઈ હતી.

ટ્રમ્પે ડેમોક્રેટ્સને તેમની માંગણીઓ પર નમતું મૂકવા માટે દબાણ કરવા માટે અભૂતપૂર્વ એકપક્ષીય પગલાં લીધાં - પ્રોજેક્ટ્સ રદ કરવા અને ફેડરલ કર્મચારીઓને કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો હતો. આ શટડાઉનને કારણે વૉશિંગ્ટનમાં વ્યાપક પક્ષીય વિભાજન સર્જાયું હતુ. રિપબ્લિકન રાષ્ટ્રપતિએ પરિસ્થિતિ માટે ડેમોક્રેટ્સ પર દોષારોપણ કર્યું અને સૂચન કર્યું કે મતદારોએ આગામી વર્ષની મધ્યસત્ર ચૂંટણી દરમિયાન આ પાર્ટીને કોઈ પુરસ્કાર ન આપવો જોઈએ. હું અમેરિકન લોકોને કહેવા માંગુ છું કે, તમારે આ ભૂલવું જોઈએ નહીં, ટ્રમ્પે કહ્યું. "જ્યારે આપણે મિડટર્મ અને અન્ય બાબતો પર આવીએ છીએ, ત્યારે તેઓએ આપણા દેશ સાથે શું કર્યું છે તે ભૂલશો નહીં." એમ તેમણે કહ્યું હતું.

હસ્તાક્ષર સમારોહ હાઉસ દ્વારા ૨૨૨-૨૦૯ ના મોટાભાગે પાર્ટી-લાઈન મત પર બિલ પસાર કર્યાના થોડા કલાકો પછી જ યોજાયો હતો. સેનેટે સોમવારે આ ખરડો પસાર કરી દીધો હતો. ડેમોક્રેટ્સ વર્ષના અંતમાં સમાપ્ત થતી ઉન્નત ટેક્સ ક્રેડિટને લંબાવવા માંગતા હતા જે એફોર્ડેબલ કેર એક્ટ માર્કેટપ્લેસ દ્વારા મળતા આરોગ્ય કવરેજના ખર્ચને ઘટાડે છે. તેમણે ટૂંકા ગાળાના ખર્ચ બિલને ટેકો આપવાનો ઈનકાર કર્યો હતો જેમાં તે પ્રાથમિકતાનો સમાવેશ થતો ન હતો. પરંતુ રિપબ્લિકનોએ કહ્યું કે તે એક અલગ નીતિગત લડાઈ છે જે બીજા સમયે થઈ શકશે. હેલ્થ કેર ટેક્સ ક્રેડિટને લંબાવવા માટે સરકારી ભંડોળનો ઉપયોગ થવા દેવાના મામલે રિપબ્લિકનો ઝુકશે નહીં એવા તારણ પર પહોંચ્યા બાદ આઠ સેનેટરોએ ડેમોક્રેટો સાથે પક્ષીય લાઇન તોડીને શટડાઉનનો અંત લાવવા માટેના ખરડાને ટેકો આપવા માટે સમાધાન કર્યું તે પછી આ ખરડો પસાર થઈ શક્યો હતો.

## બે મોરચે યુદ્ધ માટે તૈયાર છીએ: પાકિસ્તાની સંરક્ષણ મંત્રી

**પૂર્વમાં** ભારત સાથે અને પશ્ચિમમાં અફઘાનિસ્તાન સાથે લડવા પાકિસ્તાન તૈયાર હોવાની ખ્વાજા આસિફની ડંફાસ

**ભારતે** આ નિવેદનને હતાશામાંથી જન્મેલ નિવેદન ગણાવ્યું

ઈસ્લામાબાદ, તા. ૧૩: પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે વધુ એક ઉશ્કેરણીજનક નિવેદન કર્યું છે જેમાં તેમણે દાવો કર્યો છે કે પાકિસ્તાન પૂર્વમાં ભારત સામે અને પશ્ચિમી મોરચે અફઘાનિસ્તાન સાથે યુદ્ધ માટે સંપૂર્ણ તૈયાર છે. એક જાહેર કાર્યક્રમમાં બોલતા આસિફે કહ્યું હતું કે અમે બે મોરચે યુદ્ધ માટે તૈયાર છીએ. તેમણે દાવો કર્યો હતો કે તેમનો દેશ પૂર્વ સરહદે ભારત સામે અને પશ્ચિમી સરહદે તાલીબાન શાસન હેઠળના અફઘાનિસ્તાન સાથે બે મોરચના યુદ્ધ માટે સંપૂર્ણ તૈયાર છે. યુદ્ધના પ્રથમ રાઉન્ડમાં ખુદાએ અમને મદદ કરી હતી અને બીજા રાઉન્ડમાં પણ મદદ કરશે એમ તેમણે કહ્યું હતું. તેમની આ ટિપ્પણીઓ એના પછી આવી છે જ્યારે ઈસ્લામાબાદમાં મંગળવારે થયેલા એક આત્મઘાતી હુમલામાં ૧૨ લોકોના મોત થયા હતા તથા અન્ય ૩૬ને ઈજા થઈ હતી. આ આત્મઘાતી હુમલા માટેની જવાબદારી પાકિસ્તાની તાલીબાન તરીકે ઓળખાતા સંગઠન તેહરીકે તાલીબાન પાકિસ્તાન(ટીટીપી) દ્વારા લેવામાં આવી હતી.

પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે "ભારતીય સમર્થનથી સક્રિય" જૂથો પર હુમલામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે ખ્વાજા આસિફે કહ્યું હતું કે અફઘાન તાલિબાને બોમ્બ વિસ્ફોટ દ્વારા એક સંદેશ આપ્યો છે. "કાબુલના શાસકો પાકિસ્તાનમાં આતંકવાદને રોકી શકે છે, પરંતુ આ યુદ્ધને ઈસ્લામાબાદ સુધી પહોંચાડવું એ કાબુલનો સંદેશ છે, જેનો જવાબ આપવા માટે ઈશ્વરની કૃપાથી પાકિસ્તાન પાસે પુરી શક્તિ છે," એમ આસિફે X પરના સંદેશમાં કહ્યું હતું. મંત્રીના વક્તવ્યમાં ઈસ્લામાબાદના ઘટતા સંસાધનો અને તણાવપૂર્ણ રાજદ્વારી સ્થિતિ હોવા છતાં લશ્કરી તાકાત દર્શાવવાનો નવો પ્રયાસ દેખાઈ આવે છે. આસિફની તાજેતરની ટિપ્પણીઓ તાજેતરના દિલ્હી કાર વિસ્ફોટ પરની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓ પછી આવી છે. લાલ કિલ્લા પાસે 13 લોકોના મોત નિપજાવનાર વિસ્ફોટને હળવાશથી લેતા તેમણે તેને ફક્ત "ગેસ સિલિન્ડર વિસ્ફોટ" ગણાવ્યો અને ભારત પર "ઘટનાનું રાજકીયકરણ" કરવાનો આરોપ લગાવ્યો હતો. ભારતીય અધિકારીઓએ આ નિવેદનને ધ્યાન ભટકાવવાનો પ્રયાસ ગણાવીને કહ્યું હતું કે તે પાકિસ્તાનની હતાશા દર્શાવે છે.

## અમેરિકામાં એક ટ્રક-ડ્રાઈવરની ભૂલને કારણે 17,000 લોકોએ નોકરી ગુમાવવી પડી

**હજારો** ભારતીયોને અસર

નવી દિલ્હી, તા. 13: અમેરિકામાં ગેરકાયદે ભારતીય મૂળના ઈમિગ્રન્ટની એક ભૂલની સજા હજારો ભારતીયો સહિત ૧૭,૦૦૦ વિદેશીઓને મળી રહી છે. હકીકતમાં ઓગસ્ટમાં ફ્લોરિડામાં ભારતીય મૂળના ટ્રક-ડ્રાઈવરની ભૂલથી ત્રણ લોકોનાં મોત થયાં હતાં. આ પછી હવે અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યે વિદેશી નાગરિકોને આપવામાં આવેલા ૧૭,૦૦૦ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ રદ કરવાનો નિર્ણય લીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ચિંતા વ્યક્ત કરી હતી કે, આમાંથી કેટલાક લાઈસન્સ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને આપવામાં આવ્યા હોઈ શકે છે, જેના કારણે કેલિફોર્નિયાએ આ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. ભારતીય મૂળના ગેરકાયદે ઈમિગ્રન્ટ ડ્રાઈવર યુ-ટર્ન લઈ રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો. આ અકસ્માત બાદ સમગ્ર અમેરિકામાં કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી.

જોકે, કેલિફોર્નિયા સરકારે અસરગ્રસ્ત ઈમિગ્રન્ટ ડ્રાઈવરોની વિગતો જાહેર કરી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે, આ પગલાથી અસર ભારતીય અને ભારતીય મૂળના ટ્રક-ડ્રાઈવરોને સૌથી વધુ થશે.

છેલ્લા એક દાયકામાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતીય-શીખ સમુદાયે ટ્રક-ડ્રાઈવરોની તીવ્ર અછતને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. લોસ એન્જલસ ટાઈમ્સમાં 2019ના એક અહેવાલ મુજબ, કેલિફોર્નિયામાં શીખ ટ્રક-ડ્રાઈવરોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે.

## બાંગ્લાદેશની સ્પેશ્યલ ટ્રિબ્યુનલ હસીના સામે ૧૭મીએ ચુકાદો આપશે

**હસીના** સામે માનવતા વિરુદ્ધના અપરાધોના આરોપો છે, પ્રોસિક્યુટરે મૃત્યુદંડની માગણી કરી છે



ઢાકા, તા. ૧૩(પીટીઆઈ): બાંગ્લાદેશની એક સ્પેશ્યલ ટ્રિબ્યુનલે આજે જણાવ્યું હતું કે તે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના સામેના કેસમાં ૧૭ નવેમ્બરે ચુકાદો આપશે, જે કેસ જુલાઈની ક્રાંતિ દરમ્યાન તેમના દ્વારા કથિત રીતે આચરવામાં આવેલ માનવતા વિરુદ્ધના અપરાધોને લગતો છે.

ગયા વર્ષે ઓગસ્ટમાં વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના મોટા પાયે થયેલા આંદોલન બાદ હાંકી કાઢવામાં આવ્યા બાદ, 78 વર્ષીય હસીનાને બાંગ્લાદેશમાં અનેક કેસોનો સામનો કરવો પડી રહ્યો છે. યુએન રાઈટ્સ ઓફિસના રિપોર્ટ મુજબ, ગયા વર્ષે 15 જુલાઈથી 15 ઓગસ્ટ દરમિયાન (જેને જુલાઈ બળવો તરીકે ઓળખવામાં આવે છે) 1,400 લોકો માર્યા ગયા હતા કારણ કે હસીનાની સરકારે વિરોધીઓ પર કડક સુરક્ષા કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ ગુલામ મઝુમદાર, જેઓ ત્રણ સભ્યોની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ-બીડીના વડા છે તેઓ ૧૭ નવેમ્બરે ચુકાદો આપશે એમ સખત સુરક્ષાવાળી સ્પેશ્યલ કોર્ટમાં હાજરી આપતા એક વકીલે પીટીઆઈને જણાવ્યું હતું.

હસીના, તેમના ગૃહ મત્રી અસદુઝ્ઝમાન ખાન કમાલ અને ત્યારના આઈજીપી ચૌધરી અબ્દુલ અલ-મામુન સામે આ ટ્રિબ્યુનલમાં કામ ચલાવવામાં આવ્યું હતું. હસીના અને કમાલ સામે તેમની ગેરહાજરીમાં કામ ચલાવવામાં આવ્યું હતું, જેમાં અદાલતે તેમને ભાગેડૂ જાહેર કર્યા હતા. ચીફ પ્રોસીક્યુટર મોહમ્મદ તાજુલ ઈસ્લામે હસીના માટે મૃત્યુદંડની માંગણી કરી છે, જેમાં આક્ષેપ કર્યો છે કે તેઓ માનવતા વિરુદ્ધના અપરાધોના માસ્ટરમાઈન્ડ અને મુખ્ય શિલ્પી હતા.

## દિલ્હીમાં બસનું ટાયર ફાટ્યું, લોકો બોમ્બ વિસ્ફોટ સમજી બેઠા

નવી દિલ્હી, તા. ૧૩ (પીટીઆઈ) દક્ષિણપશ્ચિમ દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં ગુરુવારે સવારે બસનું ટાયર ફાટતાં સ્થાનિકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. સોમવારે સાંજે ભારે ભીડવાળા લાલ કિલ્લા વિસ્તારમાં થયેલા ઉચ્ચ-તીવ્રતાના વિસ્ફોટની પૃષ્ઠભૂમિમાં આ જોરદાર અવાજથી લોકોમાં ભય ફેલાઈ ગયો હતો, જેમાં ૧૩ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. દેહી ફાયર સર્વિસે જણાવ્યું હતું કે, તેમને સવારે ૯.૧૯ વાગ્યે મહિપાલપુરના રેડિસન નજીક વિસ્ફોટ જેવો જોરદાર અવાજ સંભળાયો હોવાની જાણ કરતો ફોન આવ્યો હતો, જેના પગલે તેઓએ ત્રણ ફાયર ટેન્ડર સ્થળ પર મોકલ્યા હતા. સંપૂર્ણ તપાસ પછી પણ અધિકારીઓને ઘટનાસ્થળેથી કંઈ મળ્યું નહીં. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (દક્ષિણપશ્ચિમ) અમિત ગોયલે જણાવ્યું હતું કે, ''ફોન કરનારનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે તેઓ ગુરુગ્રામ જઈ રહ્યા હતા, ત્યારે જોરદાર અવાજ સંભળાયો હતો. અમે બધું તપાસ્યું અને કંઈ મળ્યું નહીં.'' ડીસીપીએ જણાવ્યું, ''સ્થાનિક પૂછપરછ દરમિયાન એક ગાર્ડે અમને જાણ કરી કે ધૌલા કુઆન તરફ જતી ડીટીસી બસનું પાછળનું ટાયર ફાટ્યું હતું અને અવાજ તેમાંથી જ આવ્યો હતો.'' અધિકારીએ ઉમેર્યું કે, પરિસ્થિતિ સામાન્ય છે અને ચિંતા કરવાની કોઈ વાત નથી.

## જેપી ઈન્ફ્રાટેકના ભૂતપૂર્વ એમડી મનોજ ગૌરની ઈડીએ ધરપકડ કરી

**મકાન** ખરીદનારાઓ પાસેથી લેવાયેલી રકમ વિવિધ ટ્રસ્ટોમાં વાળવામાં આવી તેથી બાંધકામ પ્રોજેક્ટો અધૂરા રહ્યા હતા

**છેતરાયેલા** ગ્રાહકો દ્વારા નોંધાવાયેલી પોલીસ ફરિયાદોના આધારે ઇડીએ મની લોન્ડરિંગ અંગે પણ તપાસ શરૂ કરી

નવી દિલ્હી, તા. ૧૩ (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે રિયલ્ટી કંપની જેપી ઈન્ફ્રાટેક લિમિટેડના ભૂતપૂર્વ એમડી મનોજ ગૌરની મકાન ખરીદનારાઓ સાથે રૂ. ૧૪,૫૯૯ કરોડના કથિત છેતરપિંડી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસમાં ધરપકડ કરી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઉદ્યોગપતિને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

એજન્સીએ આરોપ લગાવ્યો છે કે ઘર ખરીદનારાઓ પાસેથી એકત્રિત કરાયેલા ભંડોળને વિવિધ ટ્રસ્ટોમાં વાળવામાં આવ્યા હતા જેનાથી પ્રોજેક્ટ અધૂરા રહ્યા હતા અને રોકાણકારો સાથે છેતરપિંડી થઈ હતી. EDએ શોધી કાઢ્યું હતું કે ગૌર જયપી સેવા સંસ્થાન (JSS) ના મેનેજિંગ ટ્રસ્ટી છે, જેને ડાયવર્ટ કરાયેલા ભંડોળનો એક ભાગ મળ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમની સામેની તપાસ ઘર ખરીદનારાઓ સાથે કથિત છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે.


વિદ્યા વિહાર ટ્રસ્ટ સંચાલિત
લાયન્સ ક્લબ ઓફ સુરત (ખટોદરા) સમર્પિત

**શેઠશ્રી પ્રાણલાલ હિરાલાલ બચકાણીવાળા વિદ્યામંદિર**

ખરવરનગર, ખટોદરા, સુરત - ૩૯૫૦૦૨

**જુ. કે. જી. થી ધોરણ ૧ના નવા પ્રવેશ માટે**


જૂન - ૨૦૨૬થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષ માટેના જુ. કે. જી. / સિ. કે. જી. / બાળવાટિકા / ધોરણ-૧ના પ્રવેશ ફોર્મ તારીખ ૧૭/૧૧/૨૦૨૫ને સોમવારથી શાળાના બાળભવન વિભાગમાંથી સવારે ૦૮.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે.

| | |
|---|---|
| જુ. કે. જી. | ઉંમર તા : ૦૧/૦૬/૨૦૨૬ના રોજ ૩ થી ૪ વર્ષ |
| સિ. કે. જી. | ઉંમર તા : ૦૧/૦૬/૨૦૨૬ના રોજ ૪ થી ૫ વર્ષ |
| બાળવાટિકા | ઉંમર તા : ૦૧/૦૬/૨૦૨૬ના રોજ ૫ થી ૬ વર્ષ |
| ધોરણ - ૧ | ઉંમર તા : ૦૧/૦૬/૨૦૨૬ના રોજ ૬ થી ૭ વર્ષ |

નોંધ : બાળકના જન્મનો અસલ દાખલો અવશ્ય સાથે લાવવો. એફિડેવિટ કે ઝેરોક્ષ કોપી માન્ય રહેશે નહિ.

**આચાર્યશ્રી, બાળભવન તથા પ્રાથમિક વિભાગ**






INNOVATING WITH NATURE IN MIND

Registered Office - Plot No. 8203, GIDC Sachin, Surat - 394230, Gujarat, India | Board Line: +91-261-6603000 |
Email: info@aether.co.in | Website: www.aether.co.in
Corporate Identification Number (CIN): L24100GJ2013PLC073434

**એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**ના નિર્દેશક મંડળે ગુરુવાર, નવેમ્બર ૧૩, ૨૦૨૫ના રોજ યોજાયેલી નિર્દેશક બેઠકમાં ૩૦-૦૯-૨૦૨૫ના રોજ પૂરા થયેલા દ્વિતીય ત્રિમાસિક અને અર્ધવાર્ષિક અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામોને મંજૂરી આપી છે.

નાણાંકીય પરિણામો સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને કંપનીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવ્યાં છે, જે નીચે મુજબ જોઈ શકાય છે:

**બીએસઈ લિમિટેડ:**
https://www.bseindia.com/xml-data/corpfiling/AttachLive/ab9d04ec-b583-4565-b4d3-5fe2762d53de.pdf

**નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ:**
https://nsearchives.nseindia.com/corporate/AETHER_13112025133054_9999.pdf

**કંપની વેબસાઈટ:**
https://aether.co.in/wp-content/uploads/2025/10/9999.pdf

ઉપરાંત, નીચેના ક્યુ.આર. કોડને સ્કેન કરીને પણ પરિણામો જોઈ શકાય છે:

તારીખ : નવેમ્બર ૧૩, ૨૦૨૫
સ્થળ : સુરત

એથર ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ વતી
સહી/-
અશ્વિન જયંતિલાલ દેસાઈ
મેનેજીંગ ડિરેક્ટર
(ડી આઈ એન : ૦૦૦૩૮૩૮૬)